**પંચમહાલ જીલ્લાની મજુર અદાલત નં. ૨ ના કર્મચારી વળતર ધારા હેઠળ**
**નીમાયેલ કમિશનરશ્રી ડી.જે.વ્યાસ સમક્ષ મુ. ગોધરા**

**કામદાર વળતર ( ફેટલ ) અરજીનં.૪૪/૨૦૦૫**

**આંકઃ ૮૩**

**અરજદારઃ** ૧. ચંદ્રાભાઈ ઉર્ફે ચંદુભાઈ મનજીભાઈ રાઠવા

૨. સુરલીબેન ચંદ્રાભાઈ રાઠવા

૩. સગીર અમીતાબેન વરસનભાઈ રાઠવા

૪. સગીર નંદાબેન વરસનભાઈ રાઠવા

તમામ રહે: રાણીપુરા,ટપલાવાવ,તા.હાલોલ,જી.પંચમહાલ.

**વિરુદધ**

**સામાવાળાઃ** ૧ . ભીખાભાઈ મોતીભાઈ પટેલ
મુળ.વાડી,વડોદરા.
હાલ.ગોર્વધન બંગલોઝની ઓફીસ,
ગોર્વધન બંગલોઝ સોસાયટી,
ઉમાપાર્કની બાજુમાં,પીતાબંર નીલાંબર–
ટાઉનશીપ પાસે,વાઘોડીયા–ડભોઈ રોડ,વડોદરા.

૨. પુષ્ટી ડેવલોપર્સ, એ નામની ભાગીદારી પેઢી તરફે
અને વતી વહીવટકર્તા શ્રી નંદુભાઈ કુંદનદાસ મુલચંદાની
ઠે.સતનામ પાર્ક,આરટીઓ રોડ,સંતકવર કોલોની,
વારસીયા–વડોદરા.

૩. મહેશભાઈ જાદવજી મોજીદા
હે.નીઝામપુરા,ગજજર કોલોની,
બ્લોકનં.૨,મુ.પો.તા.વડોદરા.

**વિષયઃ** **કામદાર વળતર ધારા ૧૯૨૩ રૂલ્સ ૨૦ હેઠળ વળતર મેળવવાની અરજી.**

**હાજર રહયાઃ**

અરજદારો તરફે :- વિદવાન વકીલશ્રી એચ.વી.હેલૈયા/એચ.પી.તીરગર
સામાવાળાનં. ૧ તરફે :-ગેરહાજર.
સામાવાળાનં.૨ અને ૩ તરફે :-વિ.વ.શ્રી એ.ડી.પરીખ/આર.બી.પટેલ

**// હુકમ //**

**(૧)** સદર અરજી આ કામના અરજદારે કામદાર વળતર ધારા હેઠળ દાખલ કરી, સામાવાળાઓ પાસેથી તેઓના પુત્રના અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂ.૪,૦૦,૮૭૧/- તથા ૫૦% પેનલ્ટી તથા ખર્ચ સહીત વસુલ અપાવવા દાદ માંગતી અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારનં.૧ તથા ૨ ના પુત્ર તથા અરજદારનં.૩ અને ૪ ના પિતા વરસનભાઈ ચંદુભાઈ રાઠવા તા.૨૯/૦૨/૨૦૦૪ ના રોજ સામાવાળાના કામદાર તરીકે ગોવર્ધન બંગલોઝના મકાનં.૩૦ માં કામ કરતા હતા તેમા બાંધકામ ચાલુ હતુ. જે મકાનમાં સામાવાળાઓએ વીજળી કનેકશનનુ યોગ્ય ફીટીંગ અને જાળવણી નહી કરવાને કારણે અને અપુરતી સુરક્ષાને કારણે ગુજરનાર વરસનભાઈને ઈલેકટ્રીક શોટ લાગતા તેઓનું

મરણ થયેલ. જે અકસ્માત મરણનું અકસ્માત મોત નં.૮/૨૦૦૪ થી બનાવની નોંધ પાણી ગેટ પોલીસ મથકમાં,વડોદરા મુકામે થયેલ. વધુમાં જણાવેલ છે કે સામાવાળાઓ વડોદરા ડભોઈ, રીંગરોડ ઉપરના ગોર્વધન બંગલોઝ સોસાયટીમાં નવા મકાનોનું બાંધકામ ચાલુ હતુ ત્યારે સામાવાળાના કામદાર તરીકે ગુજરનાર નોકરી કરતા હતા અને સામાવાળાની સુચના મુજબ કામના સમય દરમ્યાન વીજળી કરંટ લાગવાથી ગુજરનારનું અવસાન થયેલ છે. ગુજરનાર કડીયા કામના કારીગર હતા અને તેઓને દૈનિક રૂ.૧૨૦/- લેખે માસીક રૂ.૩૬૦૦/- પગાર મળતો હતો. જે મુજબ અરજદારો સામાવાળા પાસેથી વળતરની રકમ રૂ.૪,૦૦,૮૭૧/- મેળવવા હકકદાર છે. જે સામાવાળાઓ પાસેથી માંગવા છતાં સામાવાળાઓએ આજદિન સુધી અરજદારોને ચુકવી આપેલ નથી. જે મુજબ ગુજરનારનું સામાવાળાઓની ફરજ દરમ્યાન વીજળી કરંટ લાગતા મૃત્યુ થયેલ હોઈ સામાવાળાઓ પાસેથી રૂ.૪,૦૦,૮૭૧/- તથા ૫૦% પેનલ્ટીની રકમ અપાવવા અરજ કરેલ છે.

**(૩)** આ કામે સામાવાળા નં.૩ તરફે આંક-૧૧ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારની અરજીની સ્પષ્ટ પણે કબુલ્યા સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે ગુજરનાર તેઓના નિયમિત અને કાયમી કામદાર હતા નહી પરંતુ કેઝયુઅલ કામદાર હતા. સદરહું અકસ્માત કામના ઘણા કલાકો બાદ ગુજરનારના રહેઠાણ મુકામે થયેલ હોવાથી તે અકસ્માત નોકરી દરમ્યાન અને નોકરીને સંલગ્ન અકસ્માત બનતો નથી. તેમને ત્યાં કામના કલાકનો સમય સવારે ૮.૦૦ થી સાંજના ૫.૦૦ નો હતો. અરજદારે અરજીમાં સામાવાળાનં.૨ અને ૩ બાંધકામનું સુપરવીઝન કરતા હોવાનું જણાવેલ છે. તેથી પણ સામાવાળાનં.૨ અને ૩ માલીકની વ્યાખ્યામાં આવે છે. ગુજરનાર જે જગ્યાએ મજુરી કરતા હતા તે સ્થળે કોઈ ઈલેકટ્રીક વાયરો હતા નહી અને સદરહું અકસ્માત ગુજરનારના રહેઠાણની

જગ્યાએ થયેલ હોઈ કામની જગ્યાએ અકસ્માત થયેલ હોવાની હકીકત ખોટી ઉપજાવી કાઢેલ છે.

વધુમાં જણાવેલ છે કે ગુજરનાર કડીયા કામના કારીગર હતા અને આ કામ રોજના ધોરણે સ્વતંત્ર રીતે થતુ હોય છે. તેમા માલીકનું સુપરવીઝન કે કન્ટ્રોલ હોતો નથી જેથી કડીયાની કામગીરીનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી અને તે કામગીરી કેઝયુઅલ હોઈ અરજદારની વળતરની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૪)** આ કામે સામાવાળા નં.ર તરફે આંક–૧૫ થી જવાબ રજુ થયેલ છે, જે મુજબ અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે ગુજરનાર તેઓના કામદાર હતા નહી પરંતુ સામાવાળાનં.૩ નો સામાવાળાનં.ર ની બીલ્ડીંગ સાઈટ ઉપર કોન્ટ્રાકટ ચાલતો હોઈ સામાવાળાનં.૩ ના છુટક મજુર તરીકે મજુરી માટે આવતા હતા અને કેઝયુઅલ કામદાર હતા.

વધુમાં જણાવેલ છે કે તેઓને ત્યાં કામના કલાકો સવારે ૮.૦૦ થી સાંજના ૫.૦૦ છે. અકસ્માત બનાવ કામના કલાક બાદ ગુજરનારના રહેઠાણના મુકામે થયેલ હતો. વધુમાં જણાવેલ છે કે ગુજરનાર જે બંગલામાં કામ કરતા હતા ત્યાં ઈલેકટ્રીક કનેકશન હતુ નહી અને બંગલામાં બાંધકામ પુરૂ ન થાય ત્યાં સુધી ઈલેકટ્રીક કનેકશન લેવામાં આવતુ  નથી. જેથી ફરજ બજાવતી વખતે ઈલેકટ્રીક કરંટ લાગેલ નથી અને અકસ્માત નોકરી દરમ્યાન અને નોકરીના ભાગરૂપે બનેલ નથી જેથી અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૫)** આ કામે આંક–ર૯ ના આધાર લીસ્ટથી સામાવાળાનં.૧ વિરૂઘ્ધ જાહેર નોટીસ પ્રસિઘ્ધ કરતો વર્તમાન પત્ર અસલ રજુ કરેલ છે.

આ કામે આંક–૩૦ થી સામાવાળાનં.૧ નો લેખિત જવાબનો હકક બંધ કરવામાં આવે છે.

(૬) આ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખીક પુરાવા રજુ થયેલ છે.

આંક–૪૯ અરજદાર ચંદ્રાભાઈ ઉર્ફે ચંદુભાઈ રાઠવાની જુબાની.

આંક–૬૫ અરજદારો તરફેના સાહેદ ગોરર્ધનભાઈ ચંદ્રાભાઈની જુબાની.

આંક–૭૧ થી અરજદારના સાહેદ નીકુંજકુમાર સોનીની જુબાની.

આ કામે અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

૧. આંક–૫૪ અકસ્માત મોતનં.૮/૨૦૦૪ અંગે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં સી.આર.પી.સી.કલમ–૧૭૪ મુજબ નોંધવામાં આવેલ જાહેરાતની સહીસિકકાવાળી નકલ.

૨. આંક–૫૫ ગુનાની જગ્યાના પંચનામાની નકલ.

૩. આંક–૫૬ મરહુમ વરસનભાઈ ચંદુભાઈ રાઠવાની ડેડ બોડીના ઈન્કવેસ્ટ પંચનામાની સહીસિકકાવાળી નકલ.

૪. આંક–૫૭ મરહુમ વરસનભાઈ ચંદુભાઈ રાઠવાની પોસ્ટમોર્ટમ નોટની સહીસિકકાવાળી નકલ.

૫. આંક–૫૮ આ કામના સામાવાળાનં.૧ તથા ૩ નાઓને રજી.પો.એ.ડી.થી વળતરની રકમ ચુકવી આપવા તથા જરૂરી માહીતી પુરી પાડવા આપેલ લેખિત નોટીસની ઓફીસ કોપી અસલ.

૬. આંક–૫૯ સામાવાળાનં.૧ તથા ૩ નાઓને લેખિત નોટીસ મોકલી તે રજી.પો.એ.ડી. ની પોસ્ટ ઓફીસની પહોંચ અસલ.

૭. આંક–૬૦ સામાવાળાનં.૩ નાઓને સદર નોટીસ મળી તે અંગેની પોસ્ટઓફીસની એકનોલેજમેન્ટ રીસીપ્ટ અસલ.

૮. આંક–૬૧ અરજદારનં.૪ નું જન્મનું પ્રમાણપત્ર અસલ.

ઉપરોકત પુરાવો આપ્યા બાદ અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ આંક–૭૪ થી રજુ કરી પોતાનો પુરાવો પુરો જાહેર કરેલ છે.

(૭) સામાવાળાનં.૧ તરફે આંક–૭૬ થી પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

સામાવાળાનં.૨ તથા ૩ તરફે આ કામે કોઈ મૌખિક કે દસ્તાવેજો પુરાવા રજુ થયેલ નથી.

સામાવાળાનં.૨ તથા ૩ તરફે આંક–૭૫ થી પોતાનો પુરાવો બંધ જાહેર કરતી કલોઝીંગ પુરસીસ છે.

(૮) આ કામે અરજદાર તરફે આંક–૭૭ થી લેખીત દલીલ રજુ થયેલ છે. સામાવાળા નં.૨ અને ૩ તરફે આંક–૮૧ થી લેખિત દલીલો રજુ થયેલ છે. સામાવાળાનં.૧ નો દલીલનો હકક આંક–૮૨ હેઠળ થયેલ હુકમ કરી બંધ કરવામાં આવેલ છે. સદરહુ દલીલોની ચર્ચા આ કામે મુદાના કારણોની ચર્ચા સાથે રીપીટેશન ના થાય તે હેતુથી કરવામા આવેલ છે.

(૯) પક્ષકારોની દલીલો ઘ્યાને લીધી, રેકર્ડ વંચાણે લીધુ, આંક–૩૧ થી મારા પૂરોગામી ન્યાયાધીશશ્રી દ્ધારા નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**મુદ્ધા ઓઃ**

૧. શું અરજદારો સાબીત કરે છે કે, તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રીતો છે?

૨. શું અરજદારો સાબીત કરે છે કે, ગુજરનારનું મૃત્યુ સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીને કારણે થયેલુ?

૩. શું માસીક પગાર તથા ઉંમર અકસ્માત સમયે ગુજરનાર ની હતી?

૪. શું અરજદારો સામાવાળાઓ પાસેથી અકસ્માત વળતર, વ્યાજ, ખર્ચ તથા અંતિમક્રિયાના ખર્ચની રકમ વસુલ મેળવવા હકકદાર બને છે? જો હા તો કેટલી?

૫. શું સામાવાળાઓ પેનલ્ટી માટે જવાબદાર થાય છે? જો હા તો કેટલી?

૬. શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દા ઓના તેના કારણો આધારે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. માસીક પગાર રૂા.૨૭૭૨/– તથા ઉંમર વર્ષ–૨૩

૪. હકારમાં, આખરી હુકમ મુજબ.

૫. હકારમાં, આખરી હુકમ મુજબ.

૬. આખરી હુકમ મુજબ.

**// કારણો //**

**(૧૧) મુદ્દા નં.૧:** આ કામે અરજદારોએ આંક – ૧ ની અરજી તથા આંક –૪૯ તથા સાહેદના આંક–૬૫ ના પુરાવા સોગંદનામામાં જણાવેલ છે કે, અકસ્માતમાં વિજ કરંટ લાગવાથી ગુજરનાર વરસનભાઈ રાઠવા અરજદારનં.૧ તથા ર ના પુત્ર હતા. તેમજ અરજદારનં.૩ અને ૪ ના પિતા હતા. આ કામે અરજદારો તરફે તેઓ ગુજનારના આશ્રિત હતા કે વારસદાર હતા તે સંબધે કોઈ પેઢીનામું રજુ કરેલ નથી. પરંતુ અરજદારોએ રજુ કરેલ ફરીયાદ,પંચનામું તથા પોસ્ટમોર્ટમ રીપોર્ટ જોતા ગુજરનારના નામની પાછળ ચંદુભાઈ રાઠવા તે અરજદારનં.૧ નું પિતાના નામ તરીકે દર્શાવેલ છે. અરજદારો તરફે આંક–૬૧ થી અરજદારનં.૪ સગીર નંદાબેનના જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે તેમા પિતાના નામ તરીકે રાઠવા વરસનભાઈ ચંદ્રસિંહ તે ગુજરનારનું નામ દર્શાવેલ છે. વધુમાં ઉપર જણાવ્યા મુજબ અરજદારો દ્વારા તેમની અરજી તથા પુરાવાના સોગંદનામામાં તેઓ ગુજરનાર વરસનભાઈના કાયદેસરના વારસો અને આશ્રિતો હોવાનું તથા અરજદારનં.૧ તથા ર માતા–પિતા હોવાનું તથા

અરજદારનં.૩ તથા ૪ સંતાનો હોવાનું સોગંદ ઉપર જણાવેલ છે. તેનાથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં તે હકીકત નહી માનવાને કોઈ કારણ નથી. આમ અરજદારનં.૧ તથા ૨ તે ગુજરનારના માતા-પિતા તથા અરજદારનં.૩ અને ૪ ગુજરનારના સંતાનો હોઈ, ગુજરનારના કાયદેસરના વારસો હોવાનું તથા આશ્રિત હોવાનું માની શકાય. કાયદાની કલમ-૨(૧)(ડી) માં આશ્રિતની વ્યાખ્યામાં તેમનો સમાવેશ થતો હોઈ તેઓ ગુજરનારના આશ્રિત હોવાનુ આ કામે સાબિત થાય છે. આમ મરણપામનાર વરસનભાઈના મૃત્યુ બાદ તેઓના કાયદેસરના વારસ તરીકે અરજદારો મળવાપાત્ર થતી વળતરની રકમ માટે હકકદાવો કરી શકે છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૨) મુદ્દા નં.૨ :** આ કામે અરજદારે આંક-૧ ની અરજી તથા આંક-૪૯ થી રજુ કરેલ પુરાવા સોગંદનામામાં જણાવેલ છે કે અરજદારના ગુજરનાર પુત્ર વરસનભાઈ સામાવાળાઓના કામદાર હતા અને સામાવાળાઓના ગોવર્ધન બંગલોઝ સોસાયટીમાં બાંધકામ ચાલુ હોઈ કડીયા કામ કરતા હતા. તેઓનો કામકાજનો સમય સવાર ૮.૦૦ થી સાંજના ૬.૦૦ કલાકનો હતો. તા.૨૯/૦૨/૨૦૦૪ ના રોજ સાંજના આશરે ૫.૩૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન સદરહું ગોવર્ધન બંગલોના મકાનં.૩૦ માં બાંધકામ ચાલુ હતુ ત્યારે વીજળી કનેકશનનું યોગ્ય ફીટીંગ નહી હોવાને કારણે વીજળીનો કરંટ ગુજરનારને લાગતા ગુજરનાર વરસનભાઈનું અવસાન થયેલ.આ કામે સામાવાળાનં.૨ તથા ૩ તરફે તેમના લેખિત જવાબમાં તથા દલીલમાં લીધેલ તકરાર મુજબ ગુજરનાર તેઓને ત્યાં કડીયા કામ માટે આવતા હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે પરંતુ ગુજરનારનો કામનો સમય સાંજના ૫.૦૦ વાગ્યા સુધીનો હતો તથા સદરહું કન્સ્ટ્રકશન સાઈટ ઉપર મકાનનં.૩૦ માં ગુજરનાર રહેતા હોઈ તેઓ તેમના કામના સમય બાદ રહેણાંકના મકાને જતા અકસ્માત થતા બનાવ બનેલ હોઈ, સદરહું અકસ્માત નોકરી દરમ્યાન અને નોકરીને કારણે થયેલ નથી તેવી તકરાર લીધેલ

છે. સામાવાળા તરફે આ કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી. અરજદારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા આંક-૫૪ થી અકસ્માત મોતનં.૮/૨૦૦૪ ની અકસ્માત મોત એન્ટ્રીની ખરી નકલ રજુ કરેલ છે. જે મુજબ તા.૨૯/૦૨/૨૦૦૪ ના રોજ કલાક ૧૮.૦૦ વાગે ગોવર્ધન બંગલો, વાઘોડીયા રોડ, વડોદરા મધ્યે ઈલેકટ્રીક કરંટ લાગવાથી મરણ થયેલ છે. તે અંગે અકસ્માત મોત દાખલ કરવામાં આવેલ છે. આંક-૫૫ થી બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ રજુ છે. જે મુજબ ગોવર્ધન બંગલોમાં મકાનનં.૩૦ આવેલ છે. જે મકાનનું બાંધકામ હાલ ચાલુ છે જેમા ઈલેકટ્રીક વાયરનું ગુંચળું ટીંગાયેલ છે જેના છેડાના ભાગે કાળા કલરનું હોલ્ડર ફીટ કરેલ છે. જે હોલ્ડરમાં ગુજરનાર બીજા વાયરના છેડાને અડતા ઈલેકટ્રીક શોટ લાગતા ઈલેકટ્રીક શોટના કારણે મરણ થયેલ છે. તે જ રીતે આંક-૫૭ ના ગુજરનારના પોસ્ટમોર્ટમ રીપોર્ટની ખરી નકલ રજુ છે જે જોતા પણ ગુજરનારનું મૃત્યુ ઈલેકટ્રીક શોટ લાગવાને કારણે થયેલ છે. આમ, ઉપરોકત દસ્તાવેજી આધારો ઉપરથી ગુજરનારનું મૃત્યુ ગોવર્ધન બંગલોઝની ચાલુ કન્સ્ટ્રકશન સાઈટ ઉપર, મકાનનં.૩૦ કે જેમા પંચનામાં મુજબ બાંધકામ ચાલુ હતુ તેમા ગુજરનારને ઈલેકટ્રીક શોટ લાગવાથી મરણ થયેલ છે. ગુજરનારનું મરણ આશરે સાંજે ૬.૦૦ વાગ્યાના સુમારે થયેલ હોવાનું અકસ્માત મોત યાદી ઉપરથી જણાય છે. આ કામે ગુજરનાર સામાવાળાને ત્યાં કડીયા કામ કરતા હોવાની હકીકતનો સામાવાળાનં.૨ તથા ૩ એ સ્વીકારે કરેલ છે. સામાવાળાનં.૨ વાળાએ તેમના જવાબમાં આ કામના અરજદાર સામાવાળાનં.૨ ની બીલ્ડીંગ સાઈટ ઉપર સામાવાળાનં.૩ નો કોન્ટ્રાકટ હોઈ સામાવાળાનં.૩ ના મજુર તરીકે કામ કરતા હોવાની હકીકતો સ્વીકાર કરેલ છે. આ કામે અરજદાર તરફેના સાહેદ તે સબ રજીસ્ટ્રાર કચેરીના કલાર્કની જુબાની આંક-૭૧ વાળી મુજબ રેવન્યુ સર્વેનં.૬૨૫/૧ વાળી જમીન ભીખાભાઈ મોતીભાઈ પટેલ દ્વારા તથા આ કામના સામાવાળાનં.૨ પુષ્ટી

ડેવલોપર્સના વહીવટકર્તા ભાગીદાર નંદુભાઈ કુદંનદાસ મુલચંદાણી કે જેઓ આ દસ્તાવેજમાં કન્ફરમીંગ પાર્ટી છે. જેઓએ અલગ-અલગ વ્યકિતઓને સને-૨૦૦૫ માં વેચાણ કરેલ છે. જે વેચાણના અલગ-અલગ દસ્તાવેજો સદરહું સબ રજીસ્ટ્રાર કચેરીના કર્મચારી દ્વારા આંક-૭૦ ના આધાર લીસ્ટથી રજુ કરેલ છે. સદરહું દસ્તાવેજો ધ્યાને લેતા સદરહું દસ્તાવેજ ખુલ્લા પ્લોટના વેચાણ દસ્તાવેજ છે જેમા જમીન માલીક તરીકે વેચાણ કરનાર સામાવાળાનં.૧ નું સર્વેનં.૬૨૫/૧ ના માલીક તરીકે નામ જણાવેલ છે તથા સામાવાળાનં.૨ નું કન્ફરમીંગ પાર્ટી ડેવલોપર્સ તરીકે નામ જણાવેલ છે તથા સદરહું સર્વેનં.૬૨૫/૧ માં ગોવર્ધન બંગલોઝ નામની યોજનાનું આયોજન કરેલ છે. સદરહું દસ્તાવેજો તે પ્લોટ નં.૧૪/એ, ૧૦/એ, ૧૯/એ, ૮/એ, ૨૭/એ, ૧૦, ૩૧/૩૨ વાળા પ્લોટોના દસ્તાવેજો છે. વધુમાં આ કામે સામાવાળાનં.૨ તથા ૩ તરફે આંક-૬૭ થી જે જવાબ આપેલ છે તેમાં અકસ્માતની જમીનની માલીકી અંગેનો કોઈ વિવાદ નથી તેવો સ્વીકાર કરેલ છે. આમ, આ કામના ગુજરનારને થયેલ અકસ્માત સામાવાળાનં.૧ ની માલીકીની તથા સામાવાળાનં.૨ ના ડેવલોપમેન્ટ હેઠળની તથા સામાવાળાાનં.૩ ના કોન્ટ્રાકટ કામ હેઠળની મીલ્કતમાં થયેલ હોવાનું સ્પષ્ટ છે. વધુમાં આ કામે સામાવાળા તરફે ગુજરનાર તેઓને ત્યાં કામ કરતા હોવા અંગે કોઈ તકરાર નથી. સામાવાળાની તકરાર મુજબ ગુજરનારને રહેવા માટે કન્સ્ટ્રકશન સાઈટ ઉપર જે મકાનમાં જગ્યા આપેલ ત્યાં કામ ચાલુ ન હતુ. મકાનનં.૩૦ માં કોઈ બાંધકામ ચાલુ ન હતુ. ગુજરનારનો કામનો સમય સાંજે ૫.૦૦ વાગે પુરો થયા બાદ સાંજે ૬.૦૦ વાગે મકાનનં.૩૦ માં અકસ્માતનો બનાવ બનેલ. જેથી ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે અકસ્માતનો બનેલ નથી તેવી તકરાર છે.આ કામે મકાનનં.૩૦ માં ગુજરનારને કરંટ લાગતા અકસ્માત બનેલ તે સ્થાનિક પંચનામાની વિગતોમાં હકીકત જણાઈ આવે છે. આ કામે સ્થાનિક પંચનામાની

ખરી નકલ અરજદારો તરફે રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા મકાનનં.૩૦ માં બાંધકામ ચાલુ છે તેમ સ્પષ્ટ દર્શાવેલ છે. વધુમાં સામાવાળા તરફે ગુજરનાર કામદારનો કામનો સમય સાંજે ૫.૦૦ વાગ્યા સુધી જ હતો તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે સદરહુ હકીકતના સમર્થનમાં સોગંદ ઉપર પુરાવો પણ આપેલ નથી. જયારે અરજદારો તરફે અરજદાર તથા સાહેદ ધ્વારા સોગંદ ઉપર ગુજરનારનો કામનો સમય સાંજના ૬.૦૦ વાગ્યા સુધીનો હતો તેવી હકીકત જણાવેલ છે. જે હકીકત વિરૂધ્ધનો કોઈ પુરાવો આ કામના સામાવાળાઓ તરફે રજુ થયેલ નથી. તે સંજોગોમાં અરજદારની તથા સાહેદની સોગંદ ઉપરની જુબાની ન માનવાને કોઈ કારણ નથી. સામાવાળા તરફેની તકરાર મુજબ ગુજરનારની બેદરકારીને કારણે પોતાના ઘરે વાયર જોડતા ઈલેકટ્રીક કરંટ લાગવાથી થયેલ. પરંતુ સદરહુ તકરાર સંદર્ભે સામાવાળા તરફે અરજદારની હકીકતોને ખંડન કરતો વિરૂધ્ધનો કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી. વધુમાં સદરહુ ગુજરનાર સામાવાળા પાસે કડીયા કામ કરતા હોવાની હકીકત એડમીટેડ છે. તે સંજોગોમાં ગુજરનારનું મૃત્યુ અરજદાર તથા સાહેદની સોગંદ ઉપરની જુબાની તથા અરજદારે રજુ કરેલ  અકસ્માત મોત યાદી, પંચનામું તથા પોસ્ટમોર્ટમ રીપોર્ટની વિગતો ઉપરથી અગાઉ ચર્ચા કર્યા મુજબ સામાવાળાઓની ફરજ દરમ્યાન તથા ફરજના ભાગરૂપે થયેલ હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ છે.

વધુમાં સામાવાળાની તકરારને ધ્યાને લેવામાં આવે તો પણ ગુજરનાર સામાવાળાને ત્યાં કડીયા કામ કરતા હોવાની હકીકત તથા ગુજરનારને કન્સ્ટ્રકશન સાઈટ ઉપર તેઓ કડીયા કામ કરતા હતા ત્યાં રહેવા માટે મકાનનં.૩૦ માં વ્યવસ્થા કરી આપવામાં આવેલ અને મકાનનં.૩૦ માં અકસ્માત થયેલ. તે તમામ હકીકત સામાવાળા ધ્વારા એડમીટ કરી જણાવવામાં આવેલ છે. આમ, સામાવાળાના કેઈસ મુજબ પણ ગુજરનાર તેના ફરજના ભાગરૂપે કન્સ્ટ્રકશન સાઈટ ઉપર રહેતા હતા

અને તે દરમ્યાન અકસ્માત બનેલ. આમ, ગુજરનાર ફરજના કારણે ત્યાં રહેતા હોઈ કન્સ્ટ્રકશન સાઈટ ઉપર અકસ્માત બનેલ હોઈ, પંચનામા મુજબ મકાનનં.૩૦ માં બાંધકામ ચાલુ હતુ તે સંજોગોમાં પણ ગુજરનારને થયેલ અકસ્માત ફરજ દરમ્યાન અને ફરજના કારણે બનેલ ગણાય. તે સંજોગોમાં પણ અરજદારો ગુજરનારનું મૃત્યુ સામાવાળાની ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે થયેલ હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ છે. જેથી મુદા નં.ર નો જવાબ હકારમાં આપવામા આવે છે.

**(૧૩) મુદ્દા નં.૩:** આ કામે અરજદારોએ તેઓની અરજી તથા પુરાવાના સોગંદનામા માં જણાવેલ છે કે, અકસ્માત સમયે તેઓની ઉંમર ૨૧ વર્ષ ની છે. આ કામે અરજદારોએ ગુજરનારના પોસ્ટમોર્ટમની ખરી નકલ રજુ કરેલ છે જેમા ગુજરનારની ઉંમર ૨૩ વર્ષ દર્શાવેલ છે. જે પોસ્ટમોર્ટમ રીપોર્ટની ખરી નકલમાં જણાવેલ ગુજરનારની ઉંમરને નહી માનવાને કોઈ કારણ નથી.

અરજદાર તરફે તેમની અરજી તથા પુરાવા સોગંદનામામા જણાવ્યા મુજબ ગુજરનાર કડીયા કામ કરતા હતા. તેઓને રોજનો રૂ.૧૨૦/– પગાર આપવામા આવતો હતો. સદરહુ પગારની આવક બાબત અરજદાર તરફે કોઈ દસ્તાવેજી આધાર રજુ કરેલ નથી. સામાવાળાઓ તરફે તેમના જવાબમાં તથા દલીલમાં ગુજરનારની આવક સંબધે કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી. પરંતુ અરજદારની અરજીની હકીકતો ખરી નથી તેવો જનરલ ડીનાયલ લીધેલ છે. ગુજરનાર કડીયા કામ કરતા હતા તે નીર્વીવાદ હકીકત છે પરંતુ તેઓની આવક સંદર્ભે દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમા અકસ્માત સમયે સને–૨૦૦૫ માં કન્સટ્રકશન કડીયા કામ સંદર્ભે લઘુતમ વેતનનો દર ઘ્યાને લેતા લેબર એન્ડ એમ્પલોયમેન્ટ ડીપાર્ટમેન્ટ ગુજરાત સરકાર દવારા ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમા પ્રસીઘ્ઘ થયેલ લઘુતમ વેતન ધારાના નોટીફીકેશન તા.૨૫/૦૪/૧૯૯૭, KHR/96/MWA/1097/1619 (7&8)/M(2) સ્કીલ્ડ, વર્કરની આવક દૈનીક દર રૂ.૬૩.૨૦ દર્શાવેલ છે તે ઘ્યાને લેતા, તેમજ તા.૦૧/૧૦/૨૦૦૪

થી તા.૩૧/૦૩/૨૦૦૫ સુધીના જીવન નિર્વાહ ભથ્થાના શ્રમ આયુકત કચેરી દ્વારા પરીપત્ર ક્રમાંક શ્ર.આ.૬./લ.વ.ધ./ખા.ભથ્થુ/૨૦૦૪ વાળા મુજબનો જીવન નિર્વાહ ભથ્થાનો દૈનિક દર રૂા.૨૯.૨૦ પૈસા ગણતા, બીજા પક્ષકારની દૈનિક આવક રૂા.૯૨.૪૦ પૈસા ગુજરનારની માસીક આવક રૂા.૨૭૭૨/- આશરે ગણી શકાય. જે મુજબ મુદ્દા નં.૩ નો જવાબ આપવામાં આવે છે.

**(૧૪) મુદ્દા નં.૪ અને ૫ :-** અગાઉ ચર્ચા કર્યા મુજબ ગુજરનાર સામાવાળાઓ પાસે ફરજ બજાવતા હતા અને તેઓ સામાવાળાઓની ફરજ દરમિયાન ફરજના કારણે અવશાન પામેલ હોય સામાવાળાઓ વળતર ચુકવવા જવાબદાર ગણાય.

આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ સામાવાળાઓ અરજદારને વળતર ચુકવવા જવાબદાર હોઈ, અગાઉ ચર્ચા કર્યા મુજબ ગુજરનારની મૃત્યુ સમયે ઉ.વ.૨૩ આશરે તથા માસીક પગાર રૂા.૨૭૭૨/- ગણી સદરહુ ઉંમર સામેનો સીડયુલ-૪ માં આપેલ ફેકટર-૨૧૯.૯૫ સાથે સદરહુ પગાર રૂા.૨૭૭૨/-ના ૫૦% સાથે ગુણતા રૂા.૩,૦૪,૮૫૧/- વળતરની રકમ મળવાપાત્ર થાય છે. **નામદારશ્રી સુપ્રિમ કોર્ટના ચુકાદા ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની વિરૂધ્ધ સીબી જયોર્જ, ૨૦૧૨ (૩) એલ.એલ.જે ૬૦૯(એસ.સી.) માં પ્રસ્થાપિત** કર્યા મુજબ વ્યાજ ગણવા માટે અરજીના હુકમની તારીખ નહી પણ અકસ્માતની તારીખ રીલેવન્ટ છે. જે પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લીધો. જે મુજબ વળતરની રકમ પર અરજદાર અકસ્માતના બનાવ તા.૨૯/૦૨/૨૦૦૪ ના એક માસ બાદ તા.૨૯/૦૩/૨૦૦૪ ના રોજથી વળતરની રકમ વસુલ થાય ત્યાં સુધી કાયદાની કલમ -૪ એ(એ) મુજબ વાર્ષીક ૧૨% લેખે સાદુ વ્યાજ સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર છે. વધુમાં અરજદારો ગુજરનારની અંતિમક્રિયાના ખર્ચ પેટે કાયદાની કલમ-૪ (૪) મુજબ રૂા.૫૦૦૦/-મેળવવા હકકદાર છે.

આ કામે ગુજરનારને થયેલ અકસ્માતની સામાવાળાઓની કન્સ્ટ્રકશન સાઈટ ઉપર થયેલ હોઈ તેમજ અકસ્માત મોત અંગે પોલીસમાં જાણ કરાયેલ હોઈ તેમજ સામાવાાળાઓએ તેમના જવાબમાં બનાવ સમયે તેમને અકસ્માતની કોઈ જાણ ન હતી તેવી સ્પષ્ટ તકરાર લીધેલ ન હોય કે તેવો કોઈ મૌખિક પુરાવો આપેલ ન હોય. તેમજ સામાવાળાનં.ર અને ૩ તરફે લેખિત દલીલોમાં અકસ્માત થયા બાદ ગુજરનારની પત્નીને વળતરની રકમ ચુકવવામાં આવેલ જે અંગે તેણી દ્વારા સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરી આપેલ તેવી રજુઆત કરવામાં આવેલ છે. તે મુજબ પણ સામાવાળાને અકસ્માતની જાણ અકસ્માતના દિવસથી હોવાનું માનવાને કારણ છે. આ કામે સામાવાળાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં જણાવ્યા મુજબ કરારથી ગુજરનારની પત્નીને રૂા.૧,૨૦,૦૦૦/- વળતર પેટે ચુકવી આપેલ છે. સદરહુ કરારની ઝેરોક્ષ નકલ સામાવાળાએ આ કામે તેમની લેખિત દલીલ સાથે રજુ કરેલ છે. પરંતુ આંક-૮૦ નીચે થયેલ હુકમ મુજબ સદરહુ કરારની સાદી ઝેરોક્ષ નકલ હોઈ અસલ રજુ કરેલ ન હોઈ તેમજ રજુ નહી કરવા માટેનું કોઈ સ્પષ્ટ કારણ જણાવેલ ન હોઈ આંક-૮૦ હેઠળ થયેલ હુકમ મુજબ સદરહુ સાદી ઝેરોક્ષ નકલને આંક અપાયેલ નથી. અને તે મુજબ સદરહુ બનાવની સાદી ઝેરોક્ષ વંચાણે લેવા પાત્ર નથી. વધુમાં આ કામે સામાવાળાનં.ર તથા ૩ વાળાએ અગાઉ આપેલ લેખિત જવાબમાં કોઈ જગ્યાએ તેઓ દ્વારા ગુજરનારની પત્નીને કોઈ વળતર અપાયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સામાવાળા દ્વારા તેમના જવાબમાં સદરહુ રકમ અગાઉ ગુજરનારની પત્નીને આપેલ હોય તેવી કોઈ હકીકત સ્પષ્ટપણે દર્શાવેલ નથી. વધુમાં સામાવાળાને પુરાવાની તક હોવા છતાં આવી કોઈ રકમ આપ્યા હોવા અંગેનો પુરાવાના સ્ટેજ દરમ્યાન કોઈ પુરાવો રજુ કરેલ નહી કે તેવી કોઈ રજુઆત કરેલ નહી. પરંતુ સીધી દલીલ સમયે અગાઉ રકમ આપ્યાની રજુઆત કરેલ છે.

આ કામે સામાવાળાએ તેમના જવાબ તથા દલીલમાં અરજદારો દ્વારા ગુજરનારની પત્નીને આ કામે પક્ષકાર બનાવેલ ન હોઈ હાલની વળતર અરજીને પક્ષકારની ખામીનો બાધ નડે છે તેવી રજુઆત કરેલ છે.તેના સંદર્ભે અરજદારો તરફે તેમના વિદ્વાન વકીલશ્રીની વિશેષ મૌખિક દલીલ મુજબ કયા આશ્રિત વતળરની રકમમાંથી કેટલો ભાગ ચુકવવાનો છે તે વળતરની રકમ જમા થયા બાદ ડીસ્ટ્રીબ્યુશન કરતા સમયે ધ્યાને લેવાનુ રહે છે.વધુમાં વિશેષ મૌખિક રજુઆત મુજબ ગુજરનારની પત્ની હાલ મરણ પામેલ છે અને ગુજરનારના બાળકો આ કામે અરજદાર છે. તે સંજોગોમાં પણ પક્ષકારનો બાધ નડતો નથી. જે તમામ રજુઆતો ધ્યાને લેતા,તેમજ આ કામે સામાવાળા તરફે કે અરજદારો તરફે ગુજરનારની પત્નીને અપાયેલ રકમ કોર્ટમાં જમા કરાવેલ હોય કે સદરહુ અકસ્માત સંદર્ભે કોઈ રકમ કોર્ટમાં જમા કરાવેલ હોય કે ગુજરનારની પત્ની દ્વારા વળતરની રકમ માટે કોર્ટમાં કોઈ અરજી કરેલ હોય તેવી કોઈ રજુઆત કરેલ નથી કે તેવો કોઈ પણ પક્ષકારનો કેઈસ નથી. ગુજરનારના કયા આશ્રિતને વળતરની રકમ પૈકી કેટલી રકમ ચુકવવાની છે તે તથા ગુજરનારના ખરા આશ્રિતો કેટલા છે તે હકીકત વળતરની રકમ જમા થયા બાદ ડીસ્ટ્રીબ્યુશન કરતા સમયે નકકી કરવાની હોય છે.હાલની અરજીમાં જે અરજદારો છે તે અરજદારો આશ્રિત તરીકે અરજી કરવા સક્ષમ છે કે કેમ તે જોવાનુ રહે છે. તે સંજોગોમાં તેમજ અરજદારો તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક રજુઆત મુજબ ગુજરનારની પત્ની મરણ ગયેલ છે તેવી રજુઆત ધ્યાને લેતા તેમજ ખરેખર કેટલા વારસદારો છે તે ડીસ્ટ્રીબ્યુશન સમયે જોવાનું હોઈ, હાલની અરજી કોઈ પણ કાયદેસરના આશ્રિત કરવા હકકદાર હોઈ આ કામે અરજદારોની અરજીને પક્ષકારોની ખામીનો બાધ નડતો હોવાની સામાવાળાની તકરાર ટકવાપાત્ર નથી.

વધુમાં સામાવાળાની દલીલ મુજબ સામાવાળા દ્વારા અગાઉ ગુજરનારની પત્નીને રકમ આપી દીધેલ હોવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો પણ કાયદાની કલમ–૮(૧)ની જોગવાઈ ધ્યાને લેતા તેમજ **નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સુમુબેન વિરૂધ્ધ પટેલ ઈન્ડસ્ટ્રીઝ ૧૯૯૪ એલ.એલ.આર.**

**૩૩૮ (ગુજરાત) મુજબ** આવી ગુજરનારના આશ્રિતને કે કોઈ વ્યકિતને વળતર પેટે કોર્ટમાં જમા કરાવ્યા સિવાય બહાર સીધી કોઈ રકમ ચુકવી દેવામાં આવે તો તેના કારણે તેવી રકમની ગુજરનારના આશ્રિતોને મળવાપાત્રની રકમમાં ગણતરી લઈ શકાય નહી અને તે મુજબ પણ વળતરની રકમમાંથી આવી કોઈ રકમ બાદ કરી શકાય નહી. તે સંજોગોમાં હાલના કેઈસની ઉપરોકત હકીકતોને ધ્યાને લેતા સામાવાળાઓ ધ્વારા અરજદારોને આજદિન સુધી વળતરની રકમ ચુકવાયેલ ન હોઈ તેમજ તે અંગે તેમણે દલીલમાં કરેલી રજુઆત સંપૂર્ણ પણે વ્યાજબી જણાતી ન હોઈ તેમજ યોગ્ય પુરાવાથી સાબીત કરેલ ન હોઈ તે સંજોગોમાં તેમજ સામાવાળાનં.ર તથા ૩ વાળાએ વળતરની અરજી છેલ્લે સુધી કોન્ટેસ્ટ કરેલ હોઈ લેખિત જવાબ આપેલ હોય તથા ઉલટતપાસ કરેલ હોય હાલના કામે ન્યાયિક નિકાલમાં સહકાર આપેલ હોઈ, સામાવાળાઓ વળતરની રકમના ૧૦% પેનલ્ટી રૂા.૩૦,૪૮૫/- ચુકવવાનો હુકમ કરવામાં આવે તો વ્યાજબી જણાય છે. જે મુજબ મુદ્દા નં.૪ અને ૫ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. તથા મુદ્દા નં.૬ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**- :: હુકમ :: -**

**(૧)** આ કામના સામાવાળાઓ વળતરના રૂા.૩,૦૪,૮૫૧/- અંકે રૂપિયા ત્રણ લાખ ચાર હજાર આઠસો એકાવન પુરા) સંયુકત તથા વિભકત રીતે અરજદારોને ચુકવવા જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

**(૨)** સામાવાળાઓ ઉપરોકત વળતરની રકમ ઉપર તા.ર૯/૦૩/ર૦૦૪ થી વળતરની રકમ ચુકવતાં સુધી વાર્ષિક ૧ર % (બાર ટકા) લેખે સાદુ વ્યાજ સંયુકત તથા વિભકત રીતે ચુકવવા જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

(૩) સામાવાળાઓને  આ કામના અરજદારોને વળતરની રકમના ૧૦% પેનલ્ટીની રકમ રૂા.૩૦,૪૮૫/– (અંકે રૂપિયા ત્રીસ હજાર ચારસો પંચ્યાસી પુરા) સંયુકત તથા વિભકત રીતે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સામાવાળાઓને આ કામના અરજદારોને ગુજરનારના અંતિમક્રિયાના ખર્ચની રકમ  રૂા.૫૦૦૦/– ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સામાવાળાઓને આ અરજીના ખર્ચના રૂા.૩૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર) ચુકવવા જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

(૬) ઉપરોકત હુકમ મુજબના વળતર, વ્યાજ, અંતિમક્રિયાના ખર્ચ તથા ખર્ચના નાણાં હુકમની જાણ થયેથી  દિન – ૩૦ માં  અત્રેની અદાલતમાં જમા કરાવવા તેવો હુકમ કરવામાં આવે છે.

**તા.૨૯.૧૧.૨૦૧૮** **(ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)**

**ગોધરા.** ***કોડ નં.GJ01263***

**કમિશનર(જુ.ડી.)**

**કર્મચારી વળતર ધારો,**

**મજુર અદાલતનં.૨,ગોધરા.**